શૈક્ષણિક હેતુ માટે સરકારી જમીન ફાળવવા બાબત.

ગુજરાત સરકાર
મહેસુલ વિભાગ
ઠરાવ ક્રમાંક : જમજ / ૩૯૨૦૦૨ / ૨૦૬૧ / ગ
સચિવાલય, ગાંધીનગર.
તા. ૨૯ / ૦૯ / ૦૮

વંચાણે લીધા :– ગુજરાત જમીન મહેસુલ નિયમો, ૧૯૭૨નો નિયમ -- ૩૨ (૧)

## પ્ર સ્તા વ ના

ગુજરાત જમીન મહેસુલ નિયમો– ૧૯૭૨ના નિયમ – ૩૨ (૧) હેઠળ શાળા, શાળાના છાત્રાલયો, દવાખાના, જાહેર બાંધકામ , રસ્તા માટે તથા કોમ્યુનિટી ડેવલપમેન્ટ પ્રોગ્રામ માટે જરૂરી જગ્યા (જમીન) માટે ગુજરાત ખેત ઉત્પન્ન બજાર બાબતના અધિનિયમ હેઠળના માર્કેટ વાડો માટે કાયમી ધોરણે અથવા અમુક મુદત માટે કિંમત માફી અને મહેસુલ માફીથી જમીન આપવાની જોગવાઈ છે.

સને ૧૯૭૨માં જે પરિસ્થિતિ પ્રવર્તતી હતી તે પરિસ્થિતિ પ્રમાણે ગુજરાત જમીન મહેસુલ નિયમો ૧૯૭૨ ઘડાયા હતા. અને તેનો અમલ આજે ચાલુ છે. પણ વર્તમાન પરિસ્થિતિ લક્ષમાં લેતાં રાજ્યમાં શહેરીકરણની પ્રક્રિયા ઝડપી થઈ રહી છે. શહેરોમાં આવેલ જમીન વધુ ને વધુ કિંમતી થતી જાય છે. જુદા જુદા હેતુઓ માટે ઉપયોગમાં લેવાના કારણે સરકારી જમીનોનું પ્રમાણ ઘટતું ચાલ્યું છે. સમાજ ઉપયોગી પ્રવૃત્તિઓ કરતી વ્યકિત / સંસ્થાઓને ખાનગી જમીન મેળવવામાં નહી, પણ સરકારી જમીન મેળવવામાં વધારે રસ હોવાનું અનુભવે જણાયું છે. પરિણામે સરકારી જમીન મેળવવા માટે સતત ધસારો રહે છે. ઉકત નિયમના અમલના કારણે કિંમતી અને મોકાની જમીન કિંમત માફી અને મહેસુલ માફીથી આપવી પડે છે.અને તેથી રાજ્યની તિજોરીને ભારે અસર થાય છે. આ સંજોગોમાં ઉક્ત નિયમ ૩૨ (૧) હેઠળ સરકારી જમીન કિંમત માફી અને મહેસુલ માફીથી ફાળવવાની નીતિ ચાલુ રાખવી કે કેમ તે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી

કૃપયા ફેરવો... .....

ઉપરની વિગતે શૈક્ષણિક હેતુ માટે સરકારી જમીન ફાળવવા સરકારશ્રી પુખ્ત વિચારણાના અંતે નીચે મુજબ ઠરાવે છે

(અ) રાજયમાં ગ્રામ્ય વિસ્તાર તથા બી.સી.ડી. કેટેગરીની નગરપાલિકાઓના વિસ્તાર માટે :-

| | | |
|---|---|---|
| ૧ | બાલમંદીર માટે | મહત્તમ ૨૦૦ ચો.મી. જમીન કિંમત માફી અને મહેસુલ માફીથી બાંધકામ માટે.(જેમાં રમતગમતના મેદાનનો સમાવેશ થઈ જાય છે.) |
| ૨ | શાળાના બાંધકામ માટે :- | ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો – ૧૯૭૪ મુજબ મળવાપાત્ર, પરંતુ મહત્તમ ૬૦૦ ચો.મી. સુધીની જમીન કિંમત માફીથી અને મહેસુલ માફીથી અને તેથી વધારે જમીનની માગણી હોય તો બજાર કિંમતના ૨૫ ટકા કિંમત લેવી. |
| ૩ | રમતગમતના મેદાન માટે :- | ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો – ૧૯૭૪ મુજબ મળવાપાત્ર, પરંતુ મહત્તમ ૨ (બે) એકર (૮૦૯૪ ચો.મી.) સુધીની જમીન વાર્ષિક રૂ. ૧/– ના ટોકન ભાડાથી ૩૦ વર્ષના ભાડાપટ્ટે અને તેથી વધારે જમીનની માગણી હોય તો બજાર કિંમતના ૨૫ ટકા કિંમત લેવી. |

(બ) ઉપરોક્ત વિસ્તારો શિવાય (તમામ) જેમાં અર્બન ડેવલપમેન્ટ એરીયાના વિસ્તારો સાથે :-

| | | |
|---|---|---|
| ૧ | બાલમંદીર :- | મહત્તમ ૨૦૦ ચો.મી. જમીન બજાર કિંમતના ૫૦ ટકા કિંમતે બાંધકામ માટે.(જેમાં રમતગમતના મેદાનનો સમાવેશ થઈ જાય છે.) |
| ૨ | શાળાના બાંધકામ માટે :- | ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો – ૧૯૭૪ મુજબ મળવાપાત્ર જમીન બજાર કિંમતના ૫૦ ટકા કિંમતે ફાળવવાની રહેશે. |
| ૩ | રમતગમતના મેદાન માટે :- | ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમો – ૧૯૭૪ મુજબ મળવાપાત્ર પરંતુ મહત્તમ ૧ એકર (૪૦૪૭ ચો.મી.) સુધીની જમીન વાર્ષિક રૂ.૧/–ના ટોકન ભાડાથી ૩૦ વર્ષના ભાડાપટ્ટે અને અને તેથી વધારે જમીનની માગણી હોય તો બજાર કિંમતના ૫૦ ટકા કિંમત લેવી. |

૨૫

૨. ગુજરાત જમીન મહેસુલ નિયમો, ૧૯૭૨ના નિયમ-૩૨, ૩૨ (ક) ના ફોર્મ ડી.ડી.માં જણાવેલ શરતો તથા નિયમ-૩૬ની શરતોને આધિન જમીનની ફાળવણી કરવાની રહેશે.

૩. ઉપર-૧માં દર્શાવેલ વિગતે બજાર કિંમતે ફાળવવામાં આવતી જમીન મહેસુલ વિભાગના ઠરાવ ક્રમાંક : ૧૯૭૦/૪૫, તા.૧૭/૧૦/૧૯૪૭ તથા ક્રમાંક : એલએનડી/૩૯૮૬/ ૭૫૧૧૭/બી, તા.૭/૮/૧૯૫૭ની જોગવાઈઓ અને અન્ય પ્રવર્તમાન હુકમોની શરતોએ નવી , અવિભાજ્ય અને વિક્રિયાદી નિયંત્રીત શરતે ફાળવવાની રહેશે.

૪. પ્રાથમિક શાળા માટે ફાળવવામાં આવતી જમીનને પણ ઉપર મુજબની જોગવાઈઓ લાગુ પાડવાની રહેશે.

૫. આ ઠરાવનો અમલ ઠરાવની તારીખથી કરવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં વિભાગની તા.૧૫/૧/૦૭ના રોજની સંમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(અનીસ માંકડ)
સંયુક્ત સચિવ
મહેસુલ વિભાગ, ગુજરાત સરકાર.

પ્રતિ,

- અંગત સચિવશ્રી, માન. મુખ્ય મંત્રીશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.
- અંગત સચિવશ્રી, માન. મંત્રીશ્રી ( નાણાં )નું કાર્યલય, સચિવાલય, ગાંધીનગર.
- અંગત સચિવશ્રી, માન. મંત્રીશ્રી ( મહેસુલ )નું કાર્યલય, સચિવાલય, ગાંધીનગર.
- અંગત સચિવશ્રી, માન. મંત્રીશ્રી ( શહેરી વિકાસ )નું કાર્યલય, સચિવાલય, ગાંધીનગર.
- અંગત સચિવશ્રી, માન. મંત્રીશ્રી ( શિક્ષણ )નું કાર્યલય, સચિવાલય, ગાંધીનગર.
- અંગત સચિવશ્રી, અગ્ર સચિવશ્રી (મહેસુલ)નું કાર્યલય, સચિવાલય, ગાંધીનગર.
- સેટલમેન્ટ કમિશ્નરશ્રી, અને નિયામકશ્રી, જમીન દફતર ખાતું, ગાંધીનગર.
- સચિવશ્રી, (અપીલ ) મહેસુલ વિભાગ, અમદાવાદ.
- સર્વે કલેકટરશ્રીઓ.
- સર્વે જીલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
- પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- શહેરી વિકાસ અને શહેરી ગુહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાણાં સલાહકારશ્રી, મહેસુલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત અમદાવાદ / રાજકોટ.
- વિભાગની અ, અ-૧, લ, લ-૧, જ, ઝ, ક અને બ-૧ શાખાઓ.
- શાખા સંગ્રહ .
- સિલેકટ ફાઈલ.